<u>ફોજદારી કેસ.નં</u>. 66260–2021

## <u>આંક–૦૧ લગત હુકમ</u>

રેકર્ડ ધ્યાને લેતા, સદરહું આ કામના ફરિયાદ ફરિયાદીએ આરોપી વિરૂદ્ધ ધી નેગોશીયેબલ ઈનસ્ટુમેન્ટ એક્ટની **કલમ–૧૩૮** હેઠળ દાખલ કરેલ છે. રોજકામ જોતાં હાલનું કામ ઘણા લાંબા સમયથી આરોપીના **સમન્સના** સ્ટેજે ચાલતુ હોવાછતાં, ફરિયાદીપક્ષ હાજર રહી પોતાનો કેસ આગળ ચલાવવા કોઈ દરકાર લીધેલ નથી. સદરહું ફરિયાદવાળો પોર્ટફોલીયો આ કામનાં મુળ ફરિયાદીએ **J.C. Flowers Asset Reconstruction Pvt. Ltd. ને** વેચાણ કરી દીધેલ છે અને તેની જાણ આ કંપનીના પોર્ટફોલીયો વેચાણ લેનાર **J.C. Flowers Asset Reconstruction Pvt. Ltd.** ને કરી હોવા છતાં, પોર્ટફોલીયો વેચાણ લેનાર **J.C. Flowers Asset Reconstruction Pvt. Ltd.** એ અત્રેની અદાલતમાં કોઈ પ્રતિનિધિ કે વકિલશ્રી મારફતે હાજર રહી કેસ કાર્યવાહી આગળ ચલાવવા કોઈ તજવીજ કરેલ નથી. વળી, નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ડાયરેક્શન ધ્યાને લેતાં જુના કેસોનો વહેલી તકે ન્યાયીક નિકાલ કરવા સુચનો આપેલા છે, તે પ્રમાણે પણ ફરિયાદપક્ષ સતત ગેરહાજર રહેલ છે. વળી, રેકર્ડ વંચાણે લેતાં હાલનો કેસ **5 વર્ષ** જુનો છે અને હાલના કામે ફરિયાદીને અવારનવાર તક મળવા છતાં કેસ આગળ ચલાવવા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેમજ ફરિયાદી તરફે વકીલશ્રી પણ છેલ્લા લાંબા સમયથી કેસ કાર્યવાહીમાં સતત ગેરહાજર રહેલ છે. વધુમાં, ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નંબર ૨૪૦૫/૨૦૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તા.૧૮/૦૧/૨૦૧૦ ના ચુકાદામાં નામદાર ગુજરાત રાજ્યની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરિયાદી પોતાની ફરિયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરિયાદીની ફરિયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સંબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ છે. આ સંજોગોમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ વંચાણે લેતાં તે નીચે મુજબ છે.

256. Non-appearance or death of complainant

(1) If the summons has been issued on complaint and on the day

appointed for the appearance of the accused, or any day subsequent thereto to which the hearing may be adjourned, the complainant does not appear, the Magistrate shall notwithstanding anything herein before contained, acquit the accused unless for some reason he thinks it proper to adjourn the hearing of the case to some other day:
Provided that where the complainant is represented by a pleader or by the officer conducting the prosecution or where the Magistrate is of opinion that the personal attendance of the complainant is not necessary, the Magistrate may dispense with his attendance and proceed with the case.
(2) The provisions of sub-section (1) shall, so far as may be, apply also to cases where the non-appearance of the complainant is due to his death.

આમ, કેસનું રેકર્ડ તથા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ વંચાણે લઈ, ફરિયાદીને વ્યાજબી અને પર્યાપ્ત તક આપવા છતાં પોતાના કેસમાં આરોપીને બજવણી થઈ શકે તેવુ સરનામું રજુ કરવામાં કે આરોપીને ફરીયાદમાં જણાવેલ સરનામે બજવણી કરવામાં સદંતર નિષ્ફળ રહેલા છે. તે સંજોગોમાં હાલના કામે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–//હુકમ//–**

હાલનાં કામે ફરિયાદી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ પ્રમાણે ફરિયાદીને અવારનવાર તક મળવા છતાં કેસ આગળ ચલાવવા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેમજ ફરિયાદી તરફે વકીલશ્રી પણ છેલ્લા લાંબા સમયથી કેસ કાર્યવાહીમાં સતત ગેરહાજર રહેલ છે જેથી, ફરિયાદીનો કેસ ડીસમીસ ફોર ડિફોલ્ટથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ: અમદાવાદ** **(આર. બી. સોલંકી)**

**તારીખ: ૦૭/૦૪/૨૦૨૬** **૦૭ મા એડી. ચીફ જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ,**

**કોર્ટ નં.૫૧**

**અમદાવાદ. જીજે ૦૧૦૦૯.**